Publication: Mumbaisamachar
Date: 30/3/2019
Page: 3
Column: 4-5

મુંબઈ સમાચાર
MUMBAI SAMACHAR
શનિવાર, તા. ૩૦-૩-૨૦૧૯

# આજે 'અર્થ અવર ડે' વીજળી બચાવો

મુંબઈઃ મુંબઈની ખાનગી વિદ્યુત વિતરક અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ સંસ્થાએ શહેરમાં ૨૭ લાખ ગ્રાહકો સહિત બધા હિસ્સાધારકોને શનિવાર, ૩૦ માર્ચ, ૨૦૧૯ના રોજ અર્થ અવરનું પાલન કરવા માટે અનુરોધ કર્યો છે. રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ વચ્ચે સર્વ ગ્રાહકોએ તેમનાં ઘર અને આ સ્થાપનાઓમાં સ્વૈચ્છિક રીતે વીજળી બંધ રાખવી અને સક્ષમ ભાવિ નિર્માણ કરવા માટે અનુરોધ કર્યો છે. પૃથ્વીની સરેરાશ સપાટી તાપમાન ૧૯મી સદીથી ૧.૧૦ ડિગ્રી વધ્યું છે અને ૧૭૫૦થી ૧.૩૦ ડિગ્રી વધ્યું છે, એટલે કે પૂર્વ-ઔદ્યોગિક સ્તર, વધતા કાર્બન ડાયોક્સાઈડથી પ્રેરિત પરિવર્તન અને હવામાનમાં અન્ય માનવસર્જિત ઔદ્યોગિક ઉત્સર્જન પ્રેરિત પરિવર્તન તે માટે કારણભૂત છે. ૨૦૧૬માં વિક્રમી ગરમી હતી, જે આજ સુધીનું સૌથી વધુ ગરમ વર્ષ રહ્યું છે, જે ૨૦૧૭માં પણ હતું. જેને દુનિયાને વિચારતી કરી મૂકી છે, એમ વર્લ્ડ મીટિયોરોલોજિકલ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું. ■